ઈ-મેઇલ મેસેજ

પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(3) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.

નંબર :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૧૮૨/૨૦૨૫ તા.૩૦/૦૬/૨૦૨૫

વિગત :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં.આઇટી/૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૩/૦૬/૨૦૨૫ થી તા.૨૯/૦૬/૨૦૨૫** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૧:- પો.સ્ટે.માં ખોવાયેલ બાળકો માટે ઝુબેશ હાથ ધરવામા આવેલ હોય તે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવામાં આવ્યુ હોયઃ-**

માધવપુર પો.સ્ટે. પાર્ટ–A, ૦૧૮૩/૨૦૨૫ B.N.S. ક.૧૩૭(૨),૮૭ તા.૨૪/૦૬/૨૦૨૫ મુજબ ના કામે અપહરણ થનાર સુધીકાબેન D/O ભરતભાઇ પરમાર રહે.મંડેર ગામ, વણકરવાસ તા.જી.પોરબંદર વાળીને તાતા.૨૫/૬/૨૫ ના ક.૧૫/૩૦ વાગ્યાના અરશામાં માવપુર પો.સ્ટે. PSI શ્રી કે.એન.ઠાકરીયા તથા પો.સ્ટાફના માણસો દ્વારા મોટા ઝાપા પાસે, માધવપુરથી શોધી કાઢેલ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય** :-

(૧) તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ કડીયાપ્લોટ પ્રાથમિક શાળા પોરબંદરના આશરે ૮૦ જેટલા વિદ્યાર્થીઓને કમલાબાગ પોલીસ સ્ટેશનની શી-ટીમના કર્મચારી દક્ષાબેન પરબતભાઇનાઓ દ્વારા ગુડ ટચ બેડ ટચ વિશે, ટ્રાફિક વિશે, પોક્સો એક્ટ વિશે, સાયબર ક્રાઇમ ૧૯૩૦ વિશે, નવા ત્રણ કાયદાઓ વિશે,૧૦૦, ૧૮૧ હેલ્પલાઇન વિશે સમજ આપવામા આવેલ હતી .

(૨) તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. એ.સી.નિમાવત, ૧૮૧ ટીમના કાઉન્સેલર મીરા માવદિયા, પો.કોન્સ. કિરણ ચાવડા સાથે છાંયા વિસ્તારમાં આવેલ સ્વામિનારાયણ ગુરુકુળ સ્કુલમાં જઈને સી ટીમની કામગીરી કરેલ. જેમા બાળકોને ગુડટચ બેડટચ વિષે સમજાવેલ ડેમો સાથે તેમજ પોસ્કોના ગુન્હા વિશે માહિતી આપી. મોબાઈલમાં અજાણી વેબસાઈટ ખોલીને તેની કોઈ લિંકમાં ઇન્વેસ્ટ માટેની લોભામણી લિંક ન ઓપન કરવા જણાવેલ આવી કોઈ લિંકનો ભોગ બનો તો ૧૯૩૦ નંબર પર ફોન કરી જાણ કરી શકો છો. સાઈબર ગુન્હાઓ માટે (૧૯૩૦) નંબર કઈ રીતે ઉપયોગી થાય તેના વિષે સમજાવ્યા તથા પોલીસ પ્રજાનો મિત્ર છે જેથી વિના સંકોચ વગર મદદ માંગી શકો તેવુ સમજાવેલ તેમજ નિરાધાર મહિલાઓની મદદ માટે પણ ૧૦૦ નંબર તથા ૧૮૧ માં ફોન કરી તાત્કાલીક મદદ લઈ શકાય તે વિષે જરૂરી માહિતી આપી અને ટ્રાફિક નિયમો વિષે જાણકારી આપી ટ્રાફિક નિયમોનું પાલન કરવા જણાવ્યું. પોલીસ પ્રજાનો મિત્ર છે. જેથી વિના સંકોચે પોલીસ સ્ટેશન આવી શકો છો તેવુ માર્ગદર્શન આપેલ.

**મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-**

(૧) તા.૨૩/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્રારા ભાવસિંહજી હોસ્પિટલ વાળા રોડ પર આવેલ વેદાંત હોસ્પિટલની મુલાકાત લઇ ત્યા કોઈ ગેર કાયદેસર ભુણ પરીક્ષણની પ્રવુતી ચાલે છે કે નહી જે બાબતે ખરાઈ કરતા આવી કોઈ પ્રવુતી જણાય આવેલ ન હોય. તેમજ ગોઢાણીયા કોલેજના પાછળના ભાગે આવેલ અવાવરૂ જગ્યાએ કોઈ નવજાત શીશુ ત્યજી દીધેલ નથી. તેની ખરાઇ/તપાસ કરતા ત્યાં આવું કોઈ ત્યજી દીધેલ નવજાત બાળક મળી આવેલ ન હોય તેની ખાત્રી કરેલ બાદ પો.સ્ટે.આવીને સ્ટે.ડા.મા નોંધ કરવા માટે રીપોર્ટ આપેલ.

(૨) તા.૨૪/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્રારા વાઘેશ્વરી પ્લોટમાં આવેલ મીરા હોસ્પિટલની મુલાકાત લીધેલ ત્યાં ભુણ હત્યા થતી નથી ને તેની ખાત્રી કરેલ ત્યાં કોઇ ભુણ હત્યા થતી નથી તેમજ ભાવસિંહજી હોસ્પિટલમ રોડ પર આવેલ વેદાંત હોસ્પિટલમાં જઈને નર્સિંગ સ્ટાફની મુલાકાત લીધેલ અને તેઓને જણાવેલ કે તમારા કામ પરના સ્થળે અથવા રાત્રીના કામપરથી પાછા ફરો ત્યારે કોઇ પુરુષ તમને હેરાન પરેસાન કરે તો તમારે હેલ્પ લાઇન નંબર 181/100 માં ફોન કરી મદદ લેવી તેવુ માર્ગદર્શન આપેલ.

(૩) તા.૨૫/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્રારા સિનિયર સિટીઝન મુલાકાત લીધેલ. તેમને તેમના દિકરા કે દિકરાની પત્ની હેરાન પરેશાન કરતા હોય અથવા તમારી સારવાર ન કરતા હોય તેમજ તમારી પ્રોપર્ટી છીનવી લે તો પોલીસ કંટ્રોલ રૂમમાં 100 નંબરમાં ફોન કરી મદદ મેળવવી તેવી સમજ કરેલ.

(૪) તા.૨૬/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્રારા બંગડી બજારમાં આવેલ ભાગ્યોદય સોરૂમમાં કામ કરતી સ્ટાફ મહિલાની મુલાકાત લીધેલ અને તેઓને કામ પર કોઇ હેરાન પરેસાન કરે અથવા કામ પરથી પરત આવતા રોડ પર કોઇ પુરુષ હેરાન પરેસાન કરે અથવા કોઇ આવારા તત્વો હેરાન કરે તો મહિલા હેલ્પ લાઇન નંબર 181/100 માં ફોન કરી મદદ લેવી તેવુ માર્ગદર્શન આપેલ.

(૫) તા.૨૭/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્રારા વાઘેશ્વરી પ્લોટમાં આવેલ મીરા હોસ્પિટલની મુલાકાત લીધેલ ત્યાં ભુણ હત્યા થતી નથી ને તેની ખાતરી કરેલ ત્યાં કોઇ ભુણ હત્યા થતી નથી.

(૬) તા.૨૮/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી /કર્મચારી દ્રારા ભીડભાડ વાળા વિસ્તારમાં તથા સ્કુલ-કોલેજ વિસ્તારમાં પેટ્રોલીંગ કરવામાં આવ્યુ તેમજ ચોપાટી વિસ્તાર તેમજ બસ સ્ટેન્ડ વિસ્તાર પેટ્રોલીંગ કરવામા આવ્યુ.

(૭) તા.૨૯/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/ કર્મચારી દ્રારા બંગડી બજારમાં આવેલ બોમ્બે ફેશન મોલમાં કામ કરતી મહીલા સ્ટાફની મુલાકાત લઈ તેઓ રાત્રે નવ વાગ્યા પછી પોતાના ઘરે સુરક્ષીત પહોંચે, તેમજ રસ્તા પર જતા આવતા સમયે કોઇ હેરાન પરેશાન કરે તો તાત્કાલીક નં.૧૦૦ અથવા ૧૮૧ નો સંપર્ક કરવા બાબતે યોગ્ય માર્ગદર્શન આપેલ.

**મુદ્દા નંબર ૬:- અન્ય લોકહીતની બાબતો જે લોકોના તુરંત જ ધ્યાન પર આવે તેવી બાબતો વિગેરે**

(૧) તા.૨૬/૦૬/૨૦૨૫ ના રોજ આશરે ૮૦ જેટલા વિદ્યાર્થીઓને કમલાબાગ પોલીસ સ્ટેશનની શી-ટીમના WHC રમીલાબેન તેજાભાઇ તથા WPC કિરણબેન જેરામભાઇ તથા PC દેવેન્દ્રસિંહ રણજીતસિંહ વાળાઓએ બસ સ્ટેશનથી જુની પોસ્ટ ઓફીસથી રાણીબાગથી બસ સ્ટેશન રોડ સુધી ગોઢાણીયા કોલેજના એન.સી.સી. ના વિદ્યાર્થીઓ દ્રારા

ડ્રગ્સથી થતા નુકશાન અંગે જન જાગૃતિ રેલી કાઢવામા આવેલ હતી તથા ગુડ ટચ બેડ ટચ વિશે, ટ્રાફિક વિશે, પોક્સો એક્ટ વિશે, સાયબર ક્રાઇમ ૧૯૩૦ વિશે, નવા ત્રણ કાયદાઓ વિશે,૧૦૦, ૧૮૧ હેલ્પલાઇન વિશે સમજ આપવામા આવેલ હતી.

(૨) તા.૨૩/૦૬/૨૦૨૫ ના રોજ મહિલા પોલીસ સ્ટેશનના અધિકારી/કર્મચારી દ્વારા ચોપાટી /સ્કુલ કોલેજ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ દરમ્યાન શી ટીમ કામગીરી કરી તેમજ સીનિયર સીટીજનોની મુલાકાત કરી તેમને કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા તેમજ શી-ટીમ વિષે તથા સાયબર ક્રાઇમ તેમજ ૧૦૦ નંબર પોલીસ સહાય કોઇ મુશ્કેલી હોય ત્યારે પોલિસની મદદ લેવા માહીતગાર કરેલ છે.

( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર